# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦


તા.૧૩/૦૩/૨૦૨૫ ગુરૂવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૩૪૪/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૭૩ કેસ કરી, ૬૬ વ્યક્તિઓને ઝડપી, ૭૫૨ લીટર દેશી દારૂ, ૧૪ બોટલ ઇંગ્લીશ દારૂ, ૫૨૭ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૭૧ બિયર ટીન, ૧ કાર અને ૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૮,૪૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૩૪૫/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૯૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨૩ વ્યક્તિઓની અટકાયત અને પાસા હેઠળ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૩૪૬/૨૦૨૫**

**ચાંદખેડાઃ** ગૌરીબહેન વા/ઓ દિનેશભાઈ સોલંકી (રહે. ન્યુ રણછોડનગર જગતપુર) એ તા.૧૨/૦૩/૨૦૨૫ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૩/૦૩/૨૦૨૫ બપોરના ૧૨/૦૦ થી ૧/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના રહેણાંકના મકાનના દરવાજાનું તાળું તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી ઘરમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૬૧,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એલ.એસ.પરમાર ચલાવે છે.

**સોનાની ચેઈન ઝુટવી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૩૪૭/૨૦૨૫**

**કૃષ્ણનગરઃ** મોહિનીબહેન વા/ઓ ખુબચંદ મોટવાણી (ઉ.વ.૫૫) (રહે. વિક્ટોરીયા રેસીડેન્સી સહીદ સર્કલ નવા નરોડા) તા.૦૪/૦૩/૨૦૨૫ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે ઘરણીધર બંગ્લોઝ નજીકથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે કાળા રંગના એક હીરો-હોન્ડા સ્પ્લેન્ડર મોટર સાયકલ ઉપર આવેલ ત્રણ પુરૂષો મોહિનીબહેન મોટવાણીના ગળામાંથી સોનાની ચેઈન પેડલ સહીત કિમત રૂપિયા ૩૭,૫૦૦/- ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ મોહિનીબહેન મોટવાણીએ તા.૧૨/૦૩/૨૦૨૫ ના રોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.જે.ચાવડા છે.

**આત્મહત્યાઃ–** **સમાચાર યાદી નં.૩૪૮/૨૦૨૫**

**નારોલઃ** મીરા વા/ઓ બ્રિજેશ સાધુ (ઉ.વ.૧૯) (રહે. આર્યમાન ફ્લેટ કર્ણાવતી–૧ સામે નારોલ) એ અગમ્ય કારણસર તા.૧૨/૦૩/૨૦૨૫ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશનરશ્રી “કે” ડીવીઝન ચલાવે છે.

પોલીસ ઈન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી